પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઈ, ૨૦૧૯, સોમવાર; અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચંદ્રયાન-૨ને આજે લોંચ કરાશે

**આજે ભારત રચશે અવકાશમાં વધુ ઈતિહાસ : બપોરે ૨.૪૩ કલાકે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરાશે,**



શ્રીહરિકોટા, તા. ૨૧

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન ઈસરોએ ચંદ્રયાન-૨ને લઈ જવા માટેની તૈયારી પૂર્ણ કરી લીધી છે. આવતીકાલે બપોરે ૨.૪૩ વાગે ચંદ્રયાન-૨ને રોકેટ મારફતે લોંચ કરવામાં આવશે. જીએસએલવી માર્ક-૩ રોકેટથી ચંદ્રયાનને છોડવામાં આવશે. રોકેટમાં ૩.૮ ટનના ચંદ્રયાન-૨ અંતરિક્ષ યાન છે. પોતાની ઉંડાણના આશરે ૧૬ મિનિટ બાદ ૩૭૫ કરોડ રૂપિયાના જીએસએલવી માર્ક-૩ રોકેટ અને ૬૦૩ કરોડ રૂપિયાના ચંદ્રયાન-૨ અંતરિક્ષ યાનને પૃથ્વી પાર્કિંગમાં ૧૧૭ ગણા ૪૦૪૦૦ કિલોમીટરની પરિભ્રમણ કક્ષામાં મુકશે. જમીન અને ચંદ્રમા વચ્ચે આશરે ત્રણલાખ ૮૪ હજાર કિલોમીટરનું અંતર છે. ચંદ્રયાન-૨નું વચન ૩૨૯૦ કિલોગ્રામ રહેશે. કાર્યક્રમ મુજબ ચંદ્રની કક્ષામાં પ્રવેશ કર્યા બાદ તેનું ઓર્બિટર, લેન્ડરથી અલગ થઈ જશે. ત્યારબાદ લેન્ડર ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરશે. સાઉથ પોલની જમીન ખુબ જ સોફ્ટ રહેલી છે જેથી રોવરને મુવ કરવામાં સરળતા રહેશે. રોવરમાં છ ટાયર લાગેલા છે જેનું વજન ૨૦ કિલો છે. રોવર અને ઓર્બિટરમાં અનેક સંવેદનશીલ અતિઆધુનિક સાધનો છે જેમાં કેમેરા અને સેન્સર્સ છે. રોવર પણ અતિઆધુનિક સાધનોથી સજ્જ છે. ૬૦૩ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ આમા કરવામાં આવ્યો છે. રવિવારે વહેલી પરોઢે ૨.૫૧ વાગે એન્જિનમાં લીકેજના કારણે ચન્દ્રયાન-૨ની ઉડાણને રોકવાની ફરજ પડી હતી. ચન્દ્રયાન-૨ને સોમવારના દિવસે વહેલી પરોઢે લોંચ કરવાની યોજના તૈયાર હતી. જો કે છેલ્લી ઘડીએ ટેકનિકલ ખામી સર્જાતા આ લોંચને રોકી દેવાનો નિર્ણય કરવામાં આવ્યોહતો. વૈજ્ઞાનિકે માહિતી આપતા કહ્યુ છે કે એન્જિનમાં લિક્વિડ ઓક્સિજન અને લિક્વિડ હાઈડ્રોજન ભરવાની કામગીરી દરમિયાન કોઈ તકલીફ થઈ ન હતી. ત્યારબાદ હિલિયમ ભરવાનુ

● અનુસંધાન પાન-૭ પર

## બંગાળમાં શહીદ દિવસ પર મમતાનું ફરી શક્તિપ્રદર્શન

**ઈવીએમ, નોટબંધીના બહાને ભાજપ પર પ્રહારો : લોકસભાની ચૂંટણી ઈતિહાસ નહીં બલ્કે રહસ્ય હોવાનો દાવો કર્યો : બેલેટ પેપરથી ચૂંટણી માટે ફરીથી માંગ કરી**




કોલકાતા, તા. ૨૧

લોકસભાની ચૂંટણીમાં કંગાળ દેખાવ બાદ લોકોના દિલ જીતવાના પ્રયાસમાં તૃણમુલ કોંગ્રેસના નેતા અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી હાલમાં લાગેલા છે. બીજી બાજુ ભાજપે મમતા બેનર્જીને સત્તાથી દૂર કરવાના તમામ પ્રયાસો પણ હાથ ધર્યા છે. મમતા બેનર્જીએ આજે શહીદ દિવસના બહાને કોલકાતામાં શક્તિ પ્રદર્શન કર્યું હતું. મમતા બેનર્જીએ સમગ્ર ભાષણ દરમિયાન ઈવીએમ, નોટબંધી, હિન્દુ-મુસ્લિમ, બાંગ્લાના બહાને ભાજપ ઉપર પ્રહાર કર્યા હતા. મમતા બેનર્જીએ ભાજપને લુંટારુ ટોળકી તરીકે ગણાવી હતી. મમતાએ કહ્યું હતું કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી ઈતિહાસ નહીં બલ્કે રહસ્ય તરીકે છે. ઈવીએમ, સીઆરપીએફ અને ચૂંટણીનો ઉપયોગ કરીને ચૂંટણી જીતવામાં આવી છે. તૃણમુલને માત્ર ૧૮ સીટો મળી હતી. કેટલીક સીટો મેળવીને તૃણમુલ ઉપર કબજો જમાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. ચૂંટણી પંચ સમક્ષ આની રજૂઆત કરવામાં આવનાર છે. પંચાયત અને નગરનિગમની ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

# આજે કર્ણાટકમાં કુમારસ્વામીની ખુરશીનો ફેંસલો

**આજે કુમારસ્વામી વિશ્વાસમત મેળવે તેવા સંકેત : રાજકીય સંકટ વચ્ચે ભાજપના સભ્યો સાવધાન : કુમારસ્વામીની ખુરશી બચશે કે કેમ તેને લઇ ફેંસલો થશે ૧૫ અસંતુષ્ટ ધારાસભ્યોની ભૂમિકા ઉપર તમામની નજર**

બેંગ્લોર, તા. ૨૧

કર્ણાટકમાં ભાજપના નેતાઓ હાલમાં ખુશખુશાલ દેખાઈ રહ્યા છે પરંતુ કટોકટીને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. લાંબાગાળા બાદ વિધાનસભામાં વિશ્વાસમત બાદ ભાજપને સરકાર બનાવવાની તક મળી શકે છે. સરકાર બનાવવાને લઈને ભાજપના વરિષ્ઠ નેતા યેદીયુરપ્પાના નેતૃત્વમાં વાતચીત પણ શરૂ થઈ ચુકી છે. સરકાર બનાવવાની કવાયત શરૂ થતાં જ ભાજપના કેટલાક નેતા ટેન્શનમાં આવી ગયા છે. બીજી બાજુ અસંતુષ્ટ ધારાસભ્યોની ભૂમિકા મહત્વપૂર્ણ બની ગઈ છે. આવતીકાલે સોમવારના દિવસે મુખ્યમંત્રી કુમારસ્વામી વિશ્વાસમત હાંસલ કરશે. તેમની ખુરશી રહેશે કે કેમ તે અંગે નિર્ણય થઈ શકે છે. ૧૫ કોંગ્રેસી-જેડીએસ ધારાસભ્યોની ભૂમિકાને લઈને સસ્પેન્સની સ્થિતિ છે. આ ધારાસભ્યોને ભગવા કેમ્પમાં સામેલ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમને સરકારમાં સામેલ કરવાની ફરજ પણ પડી શકે છે જે ભાજપના લોકો માટે પણ ચિંતાજનક બાબત હોઈ શકે છે. બીજી બાજુ ભાજપના કેટલાક નેતાઓનો દાવો છે કે, ભાજપની સરકાર બનવાની સ્થિતિમાં ૧૫ અસંતુષ્ટો પૈકી એક અથવા બેને કેબિનેટમાં સામેલ કરાશે. કર્ણાટકમાં છેલ્લા કેટલાક દિવસથી રાજકીય ડ્રામાનો દોર જારી છે. શુક્રવારના દિવસે સતત બીજા દિવસે વિશ્વાસમત વગર જ કાર્યવાહીને સ્થગિત કરી દેવામાં આવી હતી અને મામલો સોમવાર સુધી એટલે કે આવતીકાલ પર છોડી દેવામાં આવ્યો હતો. શુક્રવારે સતત બીજા દિવસે પણ બહુમત પરીક્ષણ માટે મતદાન થયું ન હતું. કર્ણાટક વિધાનસભાના સત્રને હવે ૨૨મી જુલાઈ સુધી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઘરમાં વીજ બિલ આવ્યુ ૧૨૮ કરોડ રૂપિયા..!!

ઉત્તર પ્રદેશના હાપુડ જિલ્લાના ચમરી ગામને એક વૃદ્ધિ દંપત્તિ વીજળીના વપરાશ બદલ મળેલા બિલથી ધર્મસંકટમાં મૂકાઈ ગયા છે. ઘરમાં માત્ર એક પંખો અને એક ટ્યુબલાઈટનો જ વપરાશ હોવા છતા ઉત્તર પ્રદેશ વીજ નિગમ દ્વારા શીમને ૧૨૮ કરોડ ૪૫ લાખ ૯૫ હજા ૪૪૪ રૂપિયાનું જંગી વીજ બિલ ફટકારવામાં આવ્યું છે. આ બિલ જોઈને શમીના હોંશકોંશ ઉડી ગયા છે.

### ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ અધ્યક્ષ માંગે રામ ગર્ગનું નિધન

શીલા દિક્ષીતના દુઃખદ નિધન બાદ દિલ્હીના રાજકારણને વધુ એક ઝટકો લાગ્યો છે. ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ અધ્યક્ષ માંગે રામ ગર્ગનું નિધન થયું છે. માંગે રામ ઘણા લાંબા સયમથી બિમાર હતા અને પૂર્વ દિલ્હીની એક્શન બાલાજી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી.

### ભારત-નેપાળ વચ્ચે બનશે ૧૮.૫ કિમી. લાંબી રેલલાઈન

ભારત અને નેપાળ વચ્ચે પ્રસ્તાવિત ૧૮.૫ કિલોમીટર સીમા પાર રેલ લાઈન માટે ભારતે વિસ્તૃત પરિયોજના રિપોર્ટ નેપાળને સોંપી દીધો છે. આ રેલ લાઈન ભારતના રુપૈદિહા અને નેપાળના કોહાલપુરને જોડશે.

# વિન્ડિઝ પ્રવાસ માટે ભારતીય ટીમ જાહેર

**વિરાટ કોહલી કેપ્ટનઃ ટેસ્ટમાં રિદ્ધિમાન સહાની સાથે પંતનો પણ સમાવેશ કરાયો : એમએસકે પ્રસાદના નેતૃત્વમાં ૫ સભ્યોની પસંદગી સમિતિની બેઠકમાં નિર્ણય થયો : વનડે મેચ અને ટી-૨૦માં જસપ્રિત બુમરાહ-હાર્દિક પંડ્યા રમશે નહીં**




મુંબઈ, તા. ૨૧

વેસ્ટઈન્ડિઝના પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. આની સાથે જ ટેસ્ટ, વનડે અને ટ્વેન્ટી મેચોમાં અલગ કેપ્ટન રાખવાને લઈને ચાલી રહેલી ચર્ચાનો પણ અંત આવી ગયો છે. ટ્વેન્ટી, વનડે અને ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન તરીકેની ભૂમિકામાં વિરાટ કોહલી જ રહેશે. વિરાટ કોહલીને આરામ નહીં આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જ્યારે ટેસ્ટ મેચમાં રિદ્ધિમાન સાહાની સાથે રિષભ પંતને વિકેટકીપર તરીકે સામેલ કરવામાં આવ્યો છે. પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ એક દિવસ પહેલા જ જાહેરાત કરી દીધી હતી કે, તે વેસ્ટઈન્ડિઝના પ્રવાસમાં ઉપલબ્ધ રહેશે નહીં. વિરાટ કોહલીને આરામ આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો નથી. એમએસકે પ્રસાદના નેતૃત્વમાં પાંચ સભ્યોની પસંદગી સમિતિની બેઠક આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં યોજાઈ હતી જેમાં કેપ્ટન વિરાટ કોહલીએ પણ હાજરી આપી હતી. પૂર્વ કેપ્ટન એમએસ ધોની ઉપરાંત વનડે અને ટ્વેન્ટી શ્રેણીમાં જસપ્રિત બુમરાહ અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને

● અનુસંધાન પાન-૭ પર

# શિલા દિક્ષીતનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલિન

**પૂર્ણ રાજકીય સન્માનની વચ્ચે શિલા દિક્ષીતના અંતિમસંસ્કાર : યમુના કિનારે નિગમ બોધ ઘાટ ઉપર અંતિમસંસ્કાર વેળા સોનિયા ગાંધી સહિતના તમામ દિગ્ગજ લોકો ઉમટી પડ્યા**



નવી દિલ્હી, તા. ૨૧

જબ તક સૂરજ ચાંદ રહેગા શીલા તેરા નામ રહેગાના નારા વચ્ચે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીત આજે પંચતત્વમાં વિલિન થઈ ગયા હતા. દિલ્હીમાં યમુના કિનારે સ્થિત નિગમ બોધ ઘાટ કાતે રાજકીય સન્માન સાથે કોંગ્રેસના દિગ્ગજ નેતાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેમની અંતિમયાત્રામાં યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહ પણ ભારે વરસાદ વચ્ચે શીલા દિક્ષીતના અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા. નવી દિલ્હીના શિલ્પકાર તરીકે ગણાતા શીલા દિક્ષીતની અંતિમ વિદાય વેળા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા પણ શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા તે પહેલા કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે શીલા દિક્ષીતને અંજલિ આપવા માટે સોનિયા ગાંધી પહોંચ્યા હતા. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે, શીલા દિક્ષિત તેમના મોટાબહેન તરીકે હતા. સોનિયા ગાંધીએ શિલા સાથે રાજકીય સંબંધોની સાથે સાથે પોતાના અંગત સંબંધોનો પણ ઉલ્લેખ કર્યો હતો. શિલા દિક્ષીત તેમના માટે માત્ર કોંગ્રેસી નેતા નહીં બલ્કે તેમના મોટા બહેન સમાન હતા. ગઈકાલે મોડી રાત્રે શિલા દિક્ષીતના અવસાન બાદ નિઝામુદીન સ્થિત તેમના આવાસ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સોનિયા ગાંધી સહિત તમામ દિગ્ગજ નેતાઓ પહોંચ્યા હતા. શિલા દિક્ષીતના દર્શન માટે તેમના આવાસ ઉપર ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને સુષ્મા સ્વરાજ પણ પહોંચ્યા હતા. બંનેએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સુષ્મા સ્વરાજે શિલાને યાદ કરતા કહ્યું હતુ કે, શિલા દિક્ષીત કોંગ્રેસ પાર્ટીમાં હોવા છતાં તેમના ખુબ નજીકના સંબંધ છે. પાર્ટીથી હટીને તેમના સંબંધ રહ્યા હતા. શિલા દિક્ષીત કેટલીક બાબતોમાં ખુબ જ કુશળ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતનું ગઈકાલે શનિવારે ૮૧ વર્ષની વયે અવસાન થયું હતું. શીલા દીક્ષિતના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ કોંગ્રેસ પાર્ટીમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતું.

# આજે ઈમરાન ખાનની ટ્રમ્પ સાથે મહત્વપૂર્ણ મંત્રણા

**અમેરિકા પહોંચતા ભવ્ય સ્વાગત ન થતાં મજાક : ત્રણ દિવસની સત્તાવાર યાત્રા ઉપર ઇમરાન ખાન પહોંચ્યા બાદ સ્વાગત માટે ટોપ લીડર ન પહોંચ્યા : વિવિધ કાર્યક્રમો**

વોશિંગ્ટન, તા. ૨૧

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન અમેરિકાની ત્રણ દિવસની સત્તાવાર યાત્રાએ પહોંચ્યા હતા. આવતીકાલે સોમવારના દિવસે ઈમરાન ખાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વ્હાઈટહાઉસમાં વાતચીત કરનાર છે જે દરમિયાન અમેરિકી લીડરશીપ તાલિબાન સાથે શાંતિમંત્રણા હાથ ધરવાનો માર્ગ મોકળો કરવા અને પાકિસ્તાની જમીનથી સક્રિય રહેલા ત્રાસવાદી સંગઠનો અને આતંકવાદીઓ સામે નિર્ણાયક કાર્યવાહી કરવા રજૂઆત કરશે. ઈમરાન ખાન અમેરિકા પહોંચ્યા બાદ ભવ્ય સ્વાગત ન થતાં તેમની ટિકા થઈ રહી છે. ટ્વિટર ઉપર મજાક થઈ રહી છે.

ઈમરાન ખાન વડાપ્રધાન તરીકે પોતાના પ્રથમ અમેરિકી પ્રવાસે પહોંચ્યા છે. સ્વાગત માટે કોઈ મોટા ઓફિસરો ઉપસ્થિત રહ્યા ન હતા જેના કારણે ટ્વિટર ઉપર તેમની મજાક થઈ રહી છે. જો કે, અમેરિકા જવા માટે ઈમરાન ખાને કતાર એરવેઝની સામાન્ય કોમર્શિયલ ફ્લાઈટનો ઉપયોગ કર્યો હતો. તેઓ ત્રણ દિવસ માટે અમેરિકાના રાજકીય આવાસ ઉપર જ રોકાશે.







